For Private Circulation Only

# B.P.A. Bulletin

Devoted to
Comprehensive Development
of Persons With Disabilities

YEAR 2025 ▲ VOLUME:II ▲ APRIL - JUNE - 2025

(This Bulletin is available on website: www.bpaindia.org)

BULLETIN
BLIND PEOPLE'S ASSOCIATION (INDIA)

## કૃત્રિમ અવયવ પ્રોજેક્ટ સહાય






બીપીએ સંચાલિત પોરેચા આંખની હોસ્પિટલ, બારેજા ખાતે જે.બી.સ્કુલ ઓફ ઓપ્ટ્રોમેટ્રીનો પ્રારંભ તારીખ 27 જૂન 2025 નાં રોજ કરવામાં આવ્યો છે. આ સ્કુલનું ઉદઘાટન ગુજરાત રાજ્યનાં ચેરીટી કમિશ્નરશ્રી રાજેન્દ્રભાઈ વ્યાસનાં વરદ્ હસ્તે કરવામાં આવ્યું હતું. આ સમયે શાસ્ત્રોક્ત પૂજનવિધિ કરીને ઓપ્ટ્રોમેટ્રી સ્કુલને રિબિન ખુલ્લી કરીને પ્રારંભ કરવામાં આવ્યો હતો. આ અતિ પાવન પર્વના દિવસે રથયાત્રા તેમજ હેલન-કેલરનો જન્મદિવસ પણ હતો. આ શુભારંભ કાર્યક્રમમાં જે.બી.ટ્રસ્ટનાં ટ્રસ્ટીશ્રીઓ શ્રી રાજીવ મહેતા, શ્રીમતી આરતી મહેતા, શ્રી શ્રેયાંગ સુતરિયા, શ્રી સૌરિન પાલખીવાળા, શ્રી સજગ મહેતા અને શ્રી જયંતિ મહેતા કાર્યક્રમમાં ઉપસ્થિત રહ્યાં હતાં.

## દિવ્યાંગજનોને સતત મદદરૂપ રહ્યાં - બીપીએ






અંધજન મંડળ, વસ્ત્રાપુર વર્ષ - 2025માં દિવ્યાંગજનોની અવિરત સેવાના 75 વર્ષ પૂર્ણ કરીને વધુ તેજ ગતિએ દ્રષ્ટિહિનો, દિવ્યાંગજનોને મદદરૂપ બનવા સઘન પ્રયત્નશીલ રહ્યાં છે. કોઈપણ કાર્ય શરૂઆતના તબક્કામાં નાના બેઈઝ ઉપરથી લઈને વિશાળ ફલક ઉપર જાય છે. અહીં પણ ડૉ. જગદીશ પટેલે જેઓએ નાના ફલક ઉપરથી દ્રષ્ટિહીનોને વિશાળ ફલકના શિક્ષણ, પુનર્વસન, રોજગાર ક્ષેત્રમાં લઈ જવા માટે તેઓની દીર્ઘ દ્રષ્ટિ હતી.



આ 75 મી વર્ષગાંઠને યાદગાર બનાવી તેની ઉજવણી શાનદાર કરવામાં આવી હતી. આ સાથે દ્રષ્ટિહીનોના અધિકાર માટે જન જાગૃતિ રેલીનું આયોજન પણ કરવામાં આવ્યું હતું. આ સમારંભમાં હાજરી આપવા 550 ભૂતપૂર્વ વિદ્યાર્થીઓને આમંત્રિત કર્યા હતા અને તેઓ સમારોહના એક દિવસ અગાઉ બીપીએમાં રાત્રી રોકાણ કરીને બધાને હળીમળીને જૂના સંભારણા યાદ કર્યા હતા.

આ ભવ્ય કાર્યક્રમમાં ગુજરાત યુનિવર્સીટીના કુલપતિશ્રી ડૉ. નિરજા ગુપ્તા ચિલ્ડ્રન્સ રિસર્ચ યુનિવર્સીટીના કુલપતિશ્રી ડૉ.ટી.એસ.જોશી પ્રસિધ્ધ સાહિત્યકારશ્રી કુમારપાળ દેસાઈ આ મુખ્ય અતિથિ કાર્યક્રમમાં રહ્યાં હતા.
આ કાર્યક્રમમાં સંસ્થાની ઉત્તરોત્તર પ્રગતિની યશગાથાની વાત સંસ્થાના ટ્રસ્ટીશ્રીઓએ, પદાધિકારીશ્રીઓએ જણાવી હતી.
આ સાથે કાર્યક્રમમાં ભૂતપૂર્વ વિદ્યાર્થીઓમાં યાહ્યા સપાટવાલા અને અમિત શાહે તેઓના વિદ્યાર્થીકાળનાં સંસ્મરણો વર્ણવીને યાદ કર્યા હતા.

## ફુટબોલ પ્રિમીયર લીગ આયોજન - ગુજરાત








ગુજરાતમાં સૌ પ્રથમ દ્રષ્ટિહીનોની ફુટબોલ પ્રીમીયર લીગનું આયોજન બીપીએ અને ઈન્ડિયન બ્લાઈન્ડ ફુટબોલ ફેડરેશન દ્વારા કરવામાં આવ્યું હતું. આ ટુર્નામેન્ટ ઉદઘાટન તારીખ 17-06-2025નાં રોજ થયું હતું. જેમાં કુલ 8 ટીમોએ ભાગ લીધો હતો. તે પૈકી 4 પુરૂષો અને 4 મહિલા ટીમ રહી હતી. આ ટુર્નામેન્ટનું ઉદઘાટન પી.ડબલ્યુ.ડીનાં કમિશ્નરશ્રી રાજપૂત અને ગુજરાતના ચેરીટી કમિશ્નરશ્રી શુક્લાના વરદ્હસ્તે કરવામાં આવ્યું હતું.
આ ટુર્નામેન્ટનાં મુખ્ય સ્પોન્સર પ્રુડન્ટ કંપનીના શ્રીમતિ નિકિતા શાહે ટુર્નામેન્ટનો શુભારંભ શરૂ કરતાં પહેલા આંખો બંધ કરીને બોલ ખેલાડીઓ સામે ચડાવીને પ્રારંભ કર્યો હતો.
આ ટુર્નામેન્ટમાં વિજેતા તરીકે ગ્લોરિયસ ગુજરાત મહિલા ટીમે ટ્રોફી જીતી હતી જ્યારે નોર્થ ઈસ્ટ યુનાઈટેડે પુરૂષોની ટ્રોફી જીતી હતી. આ ઈનામ વિતરણ સમારોહ કાર્યક્રમમાં લેફ્ટનન્ટ જનરલ અસિત મિસ્ત્રી, એ.વી.એસ.એસ ટુર્નામેન્ય ટાઈટલ સ્પોન્સર શ્રી સંજય શાહ અને નિકિતાબેન શાહ ઉપસ્થિત રહ્યાં હતાં.
જ્યારે ટુર્નામેન્ટમાં ફંડ પાર્ટનર રહેલા ફેડોરાના શ્રી વિશ્વનાથ તેમજ સ્વયં સેવકોની ટીમનું કો-ઓર્ડિનેશન કરનાર બ્રાઈટ ફાઉન્ડેશનના શ્રીમતિ માનસી શાહ સાથે મેડીકલ પાર્ટનરશ્રી ડૉ.પરિમલને આ પ્રસંગે સન્માનિત કરવામાં આવ્યા હતા.

## ડિજીટલ ક્લાસરૂમ - પ્રારંભ




રત્નમણિ ટ્યુબ્સ અને મેટલ્સ દ્વારા બીપીએમાં તારીખ - 20-06-2025નાં રોજ ડિજીટલ ક્લાસરૂમની શરૂઆત કરવામાં આવી છે. તેથી અંધત્વ ધરાવતા વિદ્યાર્થીઓ ડિજીટલ માધ્યમથી સંપૂર્ણ શિક્ષણ પ્રાપ્ત કરી શકે. અહીં આ ક્લાસરૂમનું ઉદઘાટન રત્નમણિ લિમિટેડનાં શ્રી પ્રકાશ સંઘવી, મેનેજીગ ડિરેક્ટરશ્રી જયંતિભાઈ સંઘવી, જોઈન્ટ મેનેજીંગ ડિરેક્ટર શ્રસી.એસ.આરનાં જગતભાઈ કિનીખાબવાળા (સ્પેરોમેન ઓફ ઈન્ડિયા) એ આ નૂત્તન ક્લાસરૂમનું ઉદઘાટન કર્યું હતું. રત્નમણિ લિમિટેડે દ્રષ્ટિક્ષતિ વિદ્યાર્થીઓને ડિજીટલ માધ્યમથી શૈક્ષણિક સુવિધાઓ એક્સેસ કરવા અને સક્ષમ બનાવવા માટે 150 લેપટોપમાં સહકાર આપ્યો છે.

## મોન્ટેકાર્લો લિફ્ટ સુવિધા



દિવ્યાંગજનોને મદદરૂપતા માટે કોમ્યુનિટી સર્વિસ રિસ્પોન્સિબીલીટી સી.એસ.આર મોન્ટેકાર્લો દ્વારા સહયોગી રહી એક ખાસ ન્યૂ લિફ્ટ બીપીએના બિલ્ડીંગ નં 8માં આપવામાં આવી છે. અગાઉ પણ મોન્ટેકાર્લો દ્વારા બીપીએમાં સમગ્ર પાંચમાળ તૈયાર કરવા માટે ભંડોળ આપ્યું હતું. જેમાં મોન્ટેકાર્લો કન્વેન્શનલ સેન્ટરમાં પાંચ કોન્ફરન્સરૂમ છે. અહીં નવી લીફ્ટનું ઉદઘાટન તારીખ 2 મે 2025નાં રોજ સી.એસ. આર હેડશ્રી ચિંતલકુમાર અને મોન્ટેકાર્લો કંપની સેક્રેટરીશ્રી કલ્પેશ દેસાઈ દ્વારા કરવામાં આવ્યું હતું.

## નેશનલ પાવરલિફ્ટીંગ - ચેમ્પિયનશીપ





કર્ણાટકના ઉડુપીમાં તારીખ 22 જૂન 2025નાં રોજ નેશનલ પાવરલિફ્ટીંગ ચેમ્પીયનશીપ ફોર ધી બ્લાઈન્ડ રમાઈ હતી. આ સ્પર્ધામાં બીપીએનાં રમતવીરોએ હરીફાઈમાં રહીને તમામ કેટેગરીમાં મેડલ જીત્યા હતા. જેમાં ગોલ્ડ ગલચર ચેતનાને જ્યારે સિલ્વર મન્સુરી સાહિલને તેમજ બ્રોન્ઝ કેયુર અશ્વનને પ્રાપ્ત થયો હતો અને તારીખ 02-05-2025નાં રોજ રાજ્ય સ્તરે 50 મીટર દોડમાં ભાગ લીધો હતો અને તેમાં પુરસ્કાર મળ્યો હતો.



વિનિત માવાણીએ ૦૨-૦૫-૨૦૨૫ ના રોજ રાજ્ય કક્ષાની ૫૦ મીટર દોડમાં ભાગ લીધો હતો અને ત્રીજું ઇનામ બ્રોન્ઝ મેડલ મેળવ્યો હતો.

## બહુવિકલાંગતા સેન્ટર-નરોડા



દિવ્યાંગજનોના બહુવિકલાંગતા ધરાવતાં ભૂલકાઓનાં વાલીને દૂર દૂર સેન્ટરમાં સારવાર માટે જવા તકલીફ ના થાય તે માટે નજીકનાં વિસ્તારોમાં સેન્ટર હોય તો તેઓને સગવડતા પ્રાપ્ત થાય. અહીં આ જ વિચારધારાથી સદવિચાર પરિવાર જેઓ માનવ સેવાની ફોરમની અગ્રણી સંસ્થા દ્વારા બીપીએના સહયોગથી બહુવિકલાંગ સેન્ટર માટે તારીખ 31-05-2025નાં રોજ હસ્તાક્ષર કરવામાં આવ્યા હતા.
આ અંતર્ગત બીપીએ અને સદવિચાર પરિવારનાં ટ્રસ્ટીશ્રીઓ શ્રી પી.કે.લહેરી, શ્રી શૈલેષ પટવારી બીપીએ ટ્રસ્ટનાં સભ્યોશ્રી રાજેન્દ્રભાઈ શાહ, શ્રી રોહિતભાઈ શાહ ઉપસ્થિત રહ્યાં હતાં.

## ગણિત શિક્ષણ ઓળખ



વિઝન એમ્પાવર દ્વારા આયોજીત શિક્ષણ પરિષદ અને એક્સેસિબલ રિસોર્સ સેન્ટર તેમજ આઈઆઈટી બેંગ્લોર અને વિઝન એમ્પાવર (દિલ્હી) સાથે જોડાયેલ છે. આમ ગણિત પ્રવૃતિઓને ઓળખવા માટે પ્રવિણ મંદાકીની ભગવતી બીપીએ સ્કુલના શ્રી કિંજલબેન તેમજ શ્રી સ્વાતિબેનને તારીખ 14-06-2025નાં રોજ બેંગ્લોર કાર્યક્રમમાં સન્માનિત કરવામાં આવ્યાં હતાં.

## શ્રેષ્ઠ એવોર્ડ



રોટરી ક્લબ ઓફ અમદાવાદ મેટ્રો દ્વારા દિવ્યાંગતા ક્ષેત્રમાં શ્રેષ્ઠ વ્યાવસાયિક ક્ષેત્રે કાર્યરતને એવોર્ડ આપવામાં આવ્યો હતો. તેમાં બીપીએનાં શ્રીમતિ જીજ્ઞાબેન જોષીને એવોર્ડ પ્રાપ્ત થયો હતો.

## ઝામર દર્દીઓને અદ્યતન સુવિધા - ભૂજ



દીન દયાળ પોર્ટ ઓ થો રી ટી નાં નાણાકીય ભંડોળથી બીપીએ સંચાલિત કે . સી . આ ર . સી ભૂજની આંખ હોસ્પિટલમાં આંખ ઝામર રોગમાં આવતા દર્દીઓને અદ્યતન સુવિધા પ્રાપ્ત થાય તે માટે દ્રષ્ટિ ક્ષેત્રની તપાસ માટે પેરામિટ્રી કરવા અદ્યતન મશીન આપવામાં આવ્યું છે. આ મશીનની ચકાસણીથી ઝામરના દર્દીઓને વધુ સારી સુવિધા આંખનાં રોગોમાં પ્રાપ્ત થશે.

## ચેસ ટુર્નામેન્ટ





રાષ્ટ્રીય પ્રિમિયર ચેસ ટુર્નામેન્ટનું આયોજન તારીખ 2 થી 6 એપ્રિલ દરમ્યાન કટક ઓરિસ્સા ખાતે થયું હતું. તેમાં રાહુલ વાઘેલા, અશ્વિન મકવાણા અને દર્પણ ઈનાનીએ ભાગ લીધો હતો.




જ્યારે ઓપન ગ્રાન્ડ ચેસ ફેસ્ટિવલ નેક્સ્યુ અમદાવાદ વન દ્વારા તારીખ 19-05-2025 નાં રોજ પ્રારંભ કરવામાં આવ્યો હતો. તેમાં બીપીએનાં બાળવીરનાં ચેસ રમતવીરમાં હેત અને હરદેવે આ ફેસ્ટિવલમાં ભાગ કેળવ્યો હતો તેમજ ગુજરાત રાજ્ય ખેલ મહાકુંભ ચેસમાં મીની કામા સ્કુલ ફોર



ધી બ્લાઈન્ડ, વસ્ત્રાપુરનાં ઉચ્ચ માધ્યમિક શિક્ષણમાં અભ્યાસ કરતાં માનવ પટેલને દ્રષ્ટિ સાથે શ્રવણની ક્ષતિ છે. શ્રવણની ક્ષતિમાં કોકલિયર સર્જરીથી તેમણે વાતચીત કરવામાં સરળતા બની રહી છે.

## રોહિણી અશ્વિની ગાર્ડન મિત્રમંડળ મદદરૂપ



રોહિણી અને અશ્વિની ગાર્ડન મિત્ર મંડળ બોડક દેવ અમદાવાદ દ્વારા બીપીએને છેલ્લા બે દાયકાઓથી દિવ્યાંગજનો માટે દાન ઝુંબેશ દ્વારા દિવ્યાંગજનોને સહાયરૂપ થઈ રહ્યાં છે.

અહીં આ સિનિયર સિટીઝન ગૃપને આ સમયે તારીખ 4 એપ્રિલ 2025નાં રોજ દાન ઝુંબેશમાં જૂના કપડા સોસાયટીમાંથી એકત્રીકરણ કરીને આપે છે. આ ઝુંબેશમાં મદદરૂપ રહેતા અને ગાર્ડનમાં આવેલ વ્યક્તિઓને બીપીએનાં જાપાનીઝ મેડીકલ મેન્યુઅલ થેરાપી દ્રષ્ટિહીન ભાઈ બહેનોએ જે વ્યક્તિઓને મસલ્સ રિલેટેડ મુશ્કેલી હતી તેઓને સારવાર આપી હતી. તેમજ આંખની સારવાર માટે ચકાસણી કેમ્પ બીપીએથી આયોજીત કરવામાં આવ્યો હતો.

## ષષ્ઠીપૂર્તિ ઉજવણી



સેન્સ ઈન્ટરનેશનલનાં એક્ઝીક્યુટીવ ડાયરેક્ટરશ્રી અખિલ પોલ તારીખ 1 એપ્રિલ 2025 નાં રોજ 60 વર્ષ પૂર્ણ થતાં બીપીએનાં સ્ટાફ સાથે જન્મદિવસની ઉજવણી કરવામાં આવી હતી. આ સમયે જૂના સંસ્મરણો વાગોળતા તઓએ દિવ્યાંગજનોનાં ક્ષેત્રમાં શરૂઆતનાં 1990માં નેશનલ એસોસીએશન ફોર ધી બ્લાઈન્ડ અને બીપીએ સાતે કાર્યમાં જોડાયા હતા. ત્યારબાદ 1997માં નવા સ્થાપિત સેન્સ ઈન્ટરનેશન ઈન્ડિયામાં જોડાયા હતા. તેઓની આ જન્મદિવસ ઉજવણીએ સહ બીપીએ પરિવારનો આભાર માન્યો હતો.

## ચેસ ચેમ્પિયનશીપ

છઠ્ઠી ગુજરાત રાજ્ય ચેસ ચેમ્પિયનશીપ કોર્ન કોર્ડ બાયોટેક દ્વારા પ્રાયોજીત બીપીએ ખાતે કરવામાં આવી હતી. તેનો ઈનામ વિતરણ કાર્યક્રમ તારીખ 8-6-2025નાં રોજ યોજાયો



હતો. તેમાં કોર્ન કોર્ડ બાયોટેક દ્વારા ટુર્નામેન્ટમાં ભાગ લીધેલ ખેલાડીઓને રૂ. 1 લાખનું વિતરણ કરવામાં આવ્યું હતું.

## વિજ્ઞાન મેળો



એ.ટી.સી.બી સ્કુલ દ્વારા પ્રાયોજીત વિજ્ઞાનમેળાનું આયોજન તારીખ 7 એપ્રિલ 2025નાં રોજ અંધજન મંડળનાં પ્રાર્થનાખંડ ખાતે કરવામાં આવ્યું હતું.

આ પ્રદર્શનમાં વિદ્યાર્થીઓએ વિવિધ નાના મેડલ દ્વારા જીવ વિજ્ઞાન માનવ શરીર અને પર્યાવરણ પ્રત્યેની તેમજ નક્શાની આકૃતિની સુંદર વિવિધ કૃતિઓ બનાવી વિજ્ઞાન મેળામાં નિર્દેશીત કરી હતી.

## સામાન્ય શાળા - શિક્ષક તાલીમ





દિવ્યાંગ વિદ્યાર્થીઓ તેમની આસપાસના વિસ્તારની શાળામાં અભ્યાસ કરી શકે તે ઉદ્દેશ્યથી અમદાવાદની રચના સ્કુલ દ્વારા દિવ્યાંગ વિદ્યાર્થીઓને પ્રવેશ આપી અન્ય શાળાઓને પણ પ્રેરીત કરી રહી છે.

રચના સ્કુલમાં 5 દિવ્યાંગ બાળકોને પ્રવેશ આપી રચના શાળાનાં 50 શિક્ષકશ્રીઓને દિવ્યાંગ વિદ્યાર્થીઓને શિક્ષણ આપવા ઓરીએન્ટેડ તાલીમ તારીખ - 01/04/2025નાં રોજ બીપીએ દ્વારા આપવામાં આવી હતી.

## સિલાઈ તાલીમ - ઉત્તરપ્રદેશ



નેશનલ રૂરલ લાઈવહુડ મિશનનાં ઓરીજનલ બ્લોકની ત્રણ ગ્રામ પંચાયતોમાં RSTEI ખાતે એક મહિનાની તાલીમ યુવા મહિલાઓને સિલાઈ અંતર્ગત આપવામાં આવી હતી તેમજ 36 સિલાઈ મશીનોનું વિતરણ તારીખ - 09/04/2025 નાં રોજ કરવામાં આવ્યું હતું.

## આંખ હોસ્પિટલ - સુદૃઢ આયોજન





બીપીએ અને કે.સી.આર.સી હોસ્પિટલ સ્ટ્રેટેજી પ્લાનીંગની મિટીંગ તારીખ 12-04-2025નાં રોજ આયોજીત કરવામા આવી હતી. આ બેઠકમાં ખાસ કરીને ઓપીડી સેવાઓની સુવિધા તેમજ લખપત અને ભચાઉ ખાતે નવા વિઝન સેન્ટરોને વિક્સાવવાના રોડમેપ તેમજ નેત્રદાન માટે સ્ટાફ તાલીમ અને જનજાગૃતિ વિષયક મુદ્દાઓ ઉપર ઘનિષ્ઠ ચર્ચા-વિચારણા કરીને અમલીકરણ કરવા સ્પષ્ટતા કરવામાં આવી હતી.

## સુગમ્ય ભારત વર્કશોપ




દિવ્યાંગતા ક્ષેત્રમાં કાર્યરત સંસ્થાઓના 50 પ્રતિનિધિઓ સહ દિવ્યાંગજનોને ગુજરાત સરકારનાં PWD કમિશ્નરશ્રી રાજપૂતની અધ્યક્ષતામાં દિવ્યાંગજનો માટે સુલભતા અને સાર્વત્રિક ડિઝાઈન પર વર્કશોપ તારીખ - 12/06/2025 નાં રોજ બીપીએ કેમ્પસમાં આયોજીત કરવામાં આવ્યો હતો.

આ વર્કશોપમાં કમિશ્નરશ્રી સાથે સુગમ્ય ભારત માર્ગદર્શિકાની જરૂરીયાતથી પરિચિત કરાવ્યા હતાં.

## ગુજરાત માર્ગ પરિવહન તાલીમ









દિવ્યાંગજનોને મુસાફરી દરમ્યાન બસમાં આવન-જાવનમાં તેઓને માટે સરળતા મળી રહે તે માટે ગુજરાત માર્ગ પરિવહન નિગમ દ્વારા બસ ડ્રાઈવરો તેમજ કંડક્ટરોની એક દિવસીય માનવીય અભિગમ (સંવેદનશીલતા) અંતર્ગત તાલીમ કાર્યક્રમનું આયોજન તારીખ 02/06/2025નાં રોજ બીપીએનાં પ્રાંગણમાં કરવામાં આવ્યું હતું.

## ઈ-પુસ્તક વર્કશોપ



દ્રષ્ટિહીનોને શિક્ષણ મેળવવામાં વધુ સુલભતા પ્રાપ્ત થાય તેમજ દરેક વિષયો ઉપર ઈ પુસ્તકો સરળતાથી મેળવી શકે તે માટે ડેઝી કન્સોર્ટીયમ દ્વારા સુલભ ઈ પુસ્તકોનું પ્રોડક્શન એક્સેસીબલ બની રહે તે માટે 5 દિવસીય વર્કશોપ તારીખ 23-06-2025 થી દિલ્હી ખાતે યોજાયો હતો. તેમાં બીપીએ તાન્યા કોમ્પ્યુટર તાલીમ પ્રોજેક્ટનાં રાહુલ વાણિયા અને કુંજલ તિરગર તાલીમમાં હાજર રહ્યાં હતાં.

## શિક્ષક તાલીમ






શ્રીમતી જિજ્ઞા જોશીએ 25/04/2025 ના રોજ MsM નાઝ સ્કૂલ અને પ્રવીણ મંદાકિની ભગવતી સ્કૂલના શિક્ષકો માટે વાર્ષિક આયોજન અંગે તાલીમનું આયોજન કર્યું હતું.

દિવ્યાંગજનોનાં ક્ષેત્રમાં સમયાંતરે ભૂલકાઓને માટે શિક્ષણમાં નૂતન અભિગમોથી નૂતન જ્ઞાન કૌશલ્ય પધ્ધતિઓથી કર્મચારી શિક્ષકશ્રીઓને વાકેફ કરવાનું કાર્ય બીપીએ દ્વારા આઉટરીચ સેન્ટરોનાં શિક્ષકો માટે તાલીમ અભ્યાસક્રમનું આયોજન તારીખ - 7 અને 9 મે 2025 દરમ્યાન એરા દરિવાડ વિકલાંગ ટ્રસ્ટ, સાયલા ખાતે આયોજીત કરવામાં આવ્યું હતું.

## ડે-કેર સેન્ટર તાલીમ




બીપીએ દ્વારા સંચાલિત ડે-કેર સેન્ટરનાં 16 ફિઝીયોથેરાપી આસીસ્ટન્ટને બીપીએ ખાતે તારીખ 21 અને 22 મે 2025 (બે દિવસીય) તાલીમ આપવામાં આવી હતી. આ તાલીમમાં બીપીએનાં શ્રી સુનિલ ગૌરીયર અને શ્રી અર્ચિત શાહે રિહેબિલીટેશન થેરેપી આપતાં મુખ્ય બાબતો તેમજ સેન્સરી ઈન્ટીગ્રેશન ઉપર સેશન લઈને કાર્યક્રમનું સંચાલન કર્યું હતું.

## હોસ્પિટલ કર્મચારી તાલીમ




બીપીએ પોરેચા આંખની હોસ્પિટલનાં કર્મચારીઓ માટે તારીખ 7/06/2025નાં રોજ તાલીમ આપવામાં આવી હતી. આ તાલીમમાં બીપીએનાં એક્ઝીક્યુટીવ ડાયરેક્ટરશ્રી નંદિનીબેન રાવલ તેમજ પ્રોજેક્ટ ડાયરેક્ટરશ્રી વિમલબેન થવાણીએ તાલીમ આપી હતી.

## કોમ્પ્યુટર તાલીમાર્થી પ્રમાણપત્ર



આશીર્વાદ વિકલાંગ ટ્રસ્ટ સેન્ટર, સાયલા ખાતે તાન્યા કોમ્પ્યુટર સેન્ટરમાં તાલીમ પ્રાપ્ત કરતાં તાલીમાર્થીઓને માટે ત્રિદિવસીય લર્નિંગ બાય ડુઈંગ વર્કશોપનું આયોજન તારીખ 16/06/2025 થી 18/06/2025 સુધી કરવામાં આવ્યું હતું.

તેમજ સેન્ટરમાં અભ્યાસપૂર્ણ કરતાં વિદ્યાર્થીઓને પ્રમાણપત્ર એનાયત કરવામાં આવ્યાં હતાં. આ વર્કશોપમાં વિદ્યાર્થીઓને સોફ્ટસ સ્કિલ અને વ્યક્તિત્વ વિકાસ ઉપર વિશેષ ધ્યાન આપવા માર્ગદર્શિત કરવામાં આવ્યાં હતાં.

## ચિત્ર વાર્તા તાલીમ



દ્રષ્ટિની ક્ષતિ સહ વિકલાંગતા ધરાવતાં વિદ્યાર્થીઓને શૈક્ષણિક પધ્ધતિઓમાં સ્પર્શેન્દ્રિય સ્વરૂપમાં ચિત્રવાર્તા સમજ દ્વારા શિક્ષણ આપવા બીપીએનાં સેન્ટરોમાં શિક્ષણ આપતાં શિક્ષકોને માટે આ વર્કશોપનું આયોજન કરવામાં આવ્યું હતું. આ તાલીમમાં તજજ્ઞશ્રી આભાબેન જોષીનાં માર્ગદર્શન તળે તારીખ 27 મેથી 30 મે દરમ્યાન વર્કશોપમાં સ્પર્શેન્દ્રિય ચિત્રવાર્તાઓ દ્વારા સમજ આપવામાં આવી હતી.

## વિશારદ સંગીત શિક્ષણ



દ્રષ્ટિહીનોને સંગીત વિશે વિશેષ અભિરૂચિ હોય ત્યારે તેને ઉચ્ચ કક્ષાનું સંગીત શિક્ષણ પ્રાપ્ત થાય તે માટે વિશારદ સ્તર સુધીનાં અભ્યાસક્રમો બીપીએની સંગીત શાળામાં ચલાવવામાં આવે છે. આ અભ્યાસક્રમની પરીક્ષાઓ તારીખ 27-04-2025નાં રોજ લેવામાં આવી હતી. તેમાં પાસ થતાં વિદ્યાર્થીઓને પ્રમાણપત્ર આપવામાં આવ્યાં હતાં.

## પ્રવાસ - મુંબઈ



દ્રષ્ટિહીન વિદ્યાર્થીઓ પણ મેટ્રો શહેર મુંબઈની મજા માણે તે માટે અમર પ્રેમ ટ્રસ્ટ દ્વારા તારીખ 29-04-2025નાં રોજ બીપીએ શાળાનાં વિદ્યાર્થીઓને ફરવા માટે આમંત્રિત કર્યા હતા અને સાથે સાંસ્કૃતિક કાર્યક્રમનું આયોજન કરી વિદ્યાર્થીઓને આમંત્રિત કર્યા હતા.

## જન્મદિવસે - ટ્રાઈસિકલ



સમગ્ર દેશમાં ન્યુરોલોજીસ્ટ તરીકે જાણીતા પદ્મશ્રી ડૉ.સુધીરભાઈ શાહે તેમના 8 જૂનના જન્મદિવસે જરૂરીયાતમંદ 6 દિવ્યાંગજનોને ટ્રાઈસિકલ દાનમાં આપી તેમનાં પરિવાર સાથે જન્મદિવસની ઉજવણી કરી હતી.

## દાતાશ્રી દ્વારા સાધન સહાય





દિવ્યાંગજનો સ્વરોજગાર ક્ષેત્રમાં તેમજ આવન-જાવનમાં સરળતા ઉપલબ્ધ કરે તે માટે હંમેશા બીપીએ સાથે દિવ્યાંગજનો માટે યુ.એસ.એનાં શૈલેશભાઈ શાહ કરૂણામય રહ્યાં છે બનાસકાંઠાનાં અંતરિયાળ ગ્રામ્યક્ષેત્રનાં વ્યક્તિઓ સહાયક સાધનો મળે તે માટે તારીખ 11-04-2025નાં વિતરણ કાર્યક્રમ ગોઠવવામાં આવ્યો હતો. તેમાં દાતાશ્રી અમેરિકાથી ઓનલાઈ ઉપસ્થિત રહીને દિવ્યાંગજનોને આશીર્વચન પાઠવ્યાં હતાં. આ સાથે તારીખ 21/04/2025નાં રોજ બીપીએ ખાતે તેમનાં ભંડોળમાંથી સાધન-સહાય વિતરણ કાર્યક્રમ કરવામાં આવ્યો હતો. તેમાં 25 હાથલારીઓ, 12 સિવણ સંચા, જરૂરીયાતમંદ દિવ્યાંગજનોને આપવામાં આવ્યાં હતાં. આથી તેઓ સ્વરોજગાર અને આત્મનિર્ભરતા પ્રાપ્ત કરી શકશે.







## દિવ્યાંગજનોની સમસ્યા-જાણકારી મેળવી.






અંતરિયાળ આદિવાસી વિસ્તારનાં ડેડિયાપાડાની અંદર દિવ્યાંગ બાળકો અને તેમના વાલીની ઘર મુલાકાત નવીન ફ્લોરિન લિમિટેડનાં સહયોગથી સાગબારા બીપીએની ટીમ દ્વારા લેવામાં આવી હતી.
આ મુલાકાત તારીખ 30 એપ્રિલ અને 1 મે ના રોજ લઈને પ્રશ્નોત્તરીમાં તેઓની સમસ્યાઓ સાથે આકાંક્ષાઓ વિશે જાણકારી પ્રાપ્ત કરવામાં આવી હતી. આ દિવ્યાંગ બાળકોનાં વાલીઓએ સકારાત્મક ભૂમિકામાં જવાબ આપ્યાં હતાં.

## ટાઈમ્સ ઓફ ઈન્ડિયાથી સન્માનિત

દિવ્યાંગતામાં શ્રુતિ બહુ વિક્લાંગતા ધરાવે છે તેને ફિઝીયોથેરાપી બીપીએથી કર્યું છે. તે વિશ્વની પ્રથમ શ્રવણમંદતા ફિઝીયો છે. તેને આ સિધ્ધિ બદલ ટાઈમ્સ ઓફ ઈન્ડિયા દ્વારા સન્માનિત કરવામાં આવી હતી. તે સેન્સ ઈન્ટરનેશનલ ઈન્ડિયા સાથે એડવોકેસી ઓફિસર તરીકે જોડાયેલ છે.



## સરકારી નોકરી - ફોર્મ ભરતી પ્રક્રિયા શિબિર

દિવ્યાંગજનોને રોજગાર ક્ષેત્રમાં ઓનલાઈન ફોર્મ સરકારી રોજગાર ભરતી પરીક્ષાઓ જેમકે જીપીએસસી અને અન્ય ખાતામાં ઓનલાઈ ફોર્મ સબમીટ કરે તે ઉદ્દેશ્યથી બીપીએ દ્વારા ઓફર્મ ભરવા માટે શિબિરનું આયોજન કરવામાં આવ્યું હતું. આમ સરકારી પરીક્ષાઓની તૈયારીઓ કરી રહેલા દિવ્યાંગ ઉમેદવારો ઉમેદવારી કરી શકે તે માટે શિબિર આયોજન તા. 14 થી 16 એપ્રિલ 2025 દરમ્યાન બીપીએનાં દિન દયાલ ઉપાધ્યાય ગ્રામીણ કૌશલ્ય સેન્ટર ખાતે યોજાય હતી.

## વિવિધ સેન્ટર વાલી મીટીંગ




દિવ્યાંગજનોના શિક્ષણ ક્ષેત્રમાં હંમેશા અગ્રેસર રહેતાં બીપીએનાં વિવિધ ડે-કેર સેન્ટરો તેમજ શાળાઓમાં વાર્ષિક વાલી સભાનો કાર્યક્રમ કરીને વાલીઓના દિવ્યાંગ ભૂલકાઓના વિકાસ સાથે તેઓની પ્રવૃતિઓની જાણકારી તારીખ-15 એપ્રિલ 2025નાં રોજ બીપીએ નીડ્સ સેન્ટર ખાતે આપવામાં આવી હતી.
આ સમયે 11 પદવીદાન બાળકોનો સન્માન સમારોહ પણ યોજાયો હતો. મીટીંગમાં કુલ 108 વાલીઓ ઉપસ્થિત રહ્યાં હતાં.
જ્યારે 18 એપ્રિલ 2025નાં રોજ જીત મહેતા બાળ શાળા ટ્રસ્ટ ખાતે વાલી મીટીંગમાં શ્રીમતી વિમલબેન થાવાણી અને શ્રીમતી જીજ્ઞાબેન જોશીએ વાલી સમુદાય સાથે દિવ્યાંગ બાળકો અંતર્ગત માર્ગદર્શન આપ્યું હતું. આ સાથે તા. 25 એપ્રિલનાં-2025નાં રોજ એમ.એસ.એમ નાઝ ખાતે પણ વાલી મીટીંગ કરવામાં આવી હતી.

## નડિયાદ વાલી મીટીંગ




બીપીએ સંચાલિત નડિયાદ કેન્દ્ર (ડે-કેર સેન્ટર)માં 35 દિવ્યાંગ ભૂલકાઓનાં વાલીઓને શિક્ષણ અંતર્ગત બીપીએનાં પ્રોજેક્ટ ડાયરેક્ટર શ્રી વિમલબેન થાવાણીએ તારીખ 9 જૂન 2025નાં રોજ સંચાલન કર્યું હતું.

## સેન્સ ઈન્ટરનેશનલ ઈન્ડિયા-સી.ઈ.ઓ



દિવ્યાંગજનોના ક્ષેત્રમાં ખાસ કરીને બધિરાંધ વ્યક્તિઓ માટે પાયાની ભૂમિકાનો સહયોગ આપનાર સેન્સ ઈન્ટરનેશનલ ઈન્ડિયામાંથી શ્રી અખિલ પોલ નિવૃત થયા છે. ત્યારે તેઓની જગ્યાએ નવા સી.ઈ.ઓ તરીકે શ્રી ઉત્તમકુમારને ચાર્જ મળતા તેઓએ પદભાર સંભાળ્યો છે જ્યારે સેન્સ ઈંડિયાનાં નવા સિઈઓ તરીકે પદભાર ગ્રહણ શ્રી બીજુ મેથ્યુ સંભાળશે. આમ બધિરાંધ વ્યક્તિઓ માટે અગ્રેસર ભૂમિકામાં કાર્યરત મિશનમાં નૂતન ઉર્જાનો વિશેષ સંચાર થતાં આમ બધિરાંધ વ્યક્તિઓને વિશેષ માર્ગદર્શન પ્રદાન ઉપલબ્ધ બની રહેશે.

## ટ્રેકીંગ માઉન્ટ આબુ



પ્રાથમિક શાળાનાં બાળકો તેમજ શિક્ષકો સાથે માઉન્ટ આબુ ટ્રેકીંગ કરવામાં આવ્યું હતું. આ ટ્રેકીંગમાં વિદ્યાર્થીઓને પર્વતારોહણમાં શારિરીક તંદુરસ્તીનો બેઈઝ શીખવવામાં આવ્યો હતો.

## શ્રધ્ધાંજલિ કાર્યક્રમ




કપડવંજ વી.એસ.ગાંધી ટ્રસ્ટનાં સેક્રેટરીશ્રી સ્વ. શ્રી જે.કે. પરીખને શ્રધ્ધાંજલિ આપવાનો કાર્યક્રમ 22 એપ્રિલ 2025નાં રોજ કપડવંજ ખાતે આયોજીત કરવામાં આવ્યો હતો. તેમાં બીપીએ, અમદાવાદથી શ્રીમતી નંદિનીબેન રાવલ તેમજ શ્રી તારક લુહાર શ્રધ્ધાંજલિ કાર્યક્રમમાં ઉપસ્થિત રહીને તેઓએ પરીખ સાહેબનાં સંસ્મરણો તાજા કરતાં જણાવ્યું કે માનવતાની સુગંધ ફેલાવવામાં તેઓનો યશસ્વી ફાળો રહ્યો છે. આ સમયે પરીખ સરનાં પરિવારજનો, વી.એસ.ગાંધી ટ્રસ્ટનાં ટ્રસ્ટીઓ અને કર્મચારીશ્રીઓ ઉપસ્થિત રહ્યાં હતાં.

## ઝાયડસ રોજગાર - દિવ્યાંગજન



દિન દયાળ ઉપાધ્યાય ગ્રામીણ કૌશલ્ય યોજના તળે દિવ્યાંગજનો રોજગારી પ્રાપ્ત કરવા બીપીએમાં તાલીમબધ્ધતાનું કૌશલ્ય મેળવે છે ત્યારે તૈયાર થયેલા 24 ઉમેદવારોને ડી.ડી.યુ.જી.કે.વાયનાં પ્રોજેક્ટ હેઠળ ડાયડસ પ્લાન્ટ ખાતે ઈન્ટરવ્યુહ ગોઠવવામાં આવ્યો હતો. તે પૈકી 16 ઉમેદવારોને પસંદ કરવામાં આવ્યાં હતા તેમાં તેઓનાં તબીબી રિપોર્ટનાં આધારે તેઓનું કો-ઓર્ડીનેશન કરીને નિમણૂંક પત્ર આપવામાં આવશે.

## હિમાંચલ ટ્રેકીંગ



દ્રષ્ટિક્ષતિ વિદ્યાર્થીઓએ હિંમાચલ પ્રદેશનાં પહાડી વિસ્તારોમાં ટ્રેકીંગ માટે તારીખ 22-05-2025થી એક અઠવાડિયા સુધી ટ્રેકીંગ કર્યું હતું. આ અનુભવ તેઓએ શેર કરતાં સ્વતંત્રતાની અનુભૂતિનો આનંદ સાથે પ્રકૃતિની નિશ્રામાં અનોખી ફિલીંગ થઈ હતી.

## શેલ્ટર હોમ સ્ટાફ તાલીમ







દિવ્યાંગજનોને સુલભતા પ્રાપ્ત થાય તે માટે બીપીએમાં એકદિવસીય વર્કશોપ તાલીમનું આયોજન કરવામાં આવ્યું હતું. આ તાલીમ બીપીએ દ્વારા સંચાલિત હતી. આ તાલીમ શેલ્ટર હોમ્સનાં મેનેજરો અને એન્જિનિયરો માટે સુલભતા પર એક દિવસીય વર્કશોપમાં તમામ શેલ્ટર હોમ્સને બધા માટે વધુ સુલભ અને સમાવિષ્ટ બનાવવાનો હતો. દરેક તાલીમાર્થીને વિવિધ વિકલાંગતાઓ અને તેમના દ્વારા ઉપયોગમાં લેવાતા વિવિધ સાધનોની ઉપયોગીતા વિશે થીયરીકલ તેમજ પ્રેક્ટીકલ માહિતી સંક્ષેપમાં આપી સ્વ અનુભવ કરાવ્યો હતો. આમ આ ઓરીએન્ટેશન તેઓને દિવ્યાંગજનોની મુશ્કેલીઓને સમજવા એક ખ્યાલ માટે હતો. તેથી તેઓ પોતાના ક્ષેત્રનાં શેલ્ટર હોમ્સમાં તેમની જરૂરીયાત અનુસાર ફેરફાર કરી વધુ સુગમ્ય બનાવી શકે.

## ડિજીટલ શ્રવણમંદ સાધન-સહાય



શ્રવણમંદતાનાં કારણે શ્રવણની ક્ષતિમાં ડિજીટલ હિયરીંગ એઈડ્સ વધુ ઉપયોગી બની રહે છે ત્યારે યુ.એસ.એનાં દાતાશ્રી દક્ષાબેન વખારિયાએ જરૂરીયાતમંદ બાળકોને 3 જોડી (6 યુનિટ)નું વિતરણ કર્યું હતું. આમ શ્રવણમંદ બાળકોનાં માતાપિતાએ આ સાધન મેળવવા માટે મફત અરજી કરી હતી. તેઓને દક્ષાબેન વખારિયા તરફથી બાળકોના વાલી સાથે વાતચીત કરી આ ડિજીટલ સાધન ઉપયોગ વિશે અસરકારક સમજ આપી સાધનની જાળવણી વિશે કેટલાક સૂચનો કર્યાં હતાં.

**BPA Bulletin is issued every quarter**
Phone Fax :(079)26305082, 26304070
Email : : gensecbpa@gmail.com, nandinibpa@gmail.com, bpapublications@gmail.com
Website : : www.bpaindia.org
All donations exempted under Section 80G of the Income Tax Act, 1961
Printed and Issued by: Blind People's Association, Ahmedabad-380 015. Editor: Mrs. Nandini Rawal,
Assisted by: Mr. Bhadresh Jadav, Mr. Avadh Trivedi, Publication Coordinator: Dr. Bhushan Punani

**ONLINE SUPPORT**

HDFC BANK https://www.billdesk.com/hdfc/BPA/hdfc_blind_people_association.htm

VOICE OF SPECIALLY ABLED PEOPLE https://www.voiceofsap.org

GlobalGiving https://tinyurl.com/33jcm3j4

blind_peoples_association

bpaindia1

bpaindia - Blind People's Association (INDIA)

@bpa_ind